૮

ગુજરાત અનુસૂચિત જાતિ નિગમ, ગાંધીનગરની ખાલી જગ્યાઓ નિયમિત ભરતીથી ન ભરાય ત્યાં સુધી આઉટસોર્સીંગથી ભરવા બાબત.........

વર્ગ-૩ ની કુલ ૦૮ (આઠ) જગ્યાઓ

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અવક/૧૦૨૦૧૩/૫૫૨૫૩૮/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૭/03/૨૦૨૦.

વંચાણમાં લીધા:-

૧. વિભાગનો તા:૨૯/૧૨/૨૦૧૮નો સમાન ક્રમાંકનો ઠરાવ.

૨. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૯/૧૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અવિકો/વહટ/૨૦૧૯/૮૦૧૧

૩. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરનો તા:૦૭/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અવિકો/મકમ/૨૦૨૦/૮૨૪૨

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમ:૧ પરના વિભાગના તા.૨૯/૧૨/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમમાં કુલ-૦૫ જગ્યાઓ ઉપર આઉટસોર્સીંગથી કામગીરી લેવાની મંજૂરી આપેલ હતી, જે અન્વયે ગુજરાત અનૂસુચિત જાતિ વિકાસ નિગમ દ્વારા વંચાણે લીધેલ ક્રમ-૦૨ તથા ક્રમ-03 પરના અનુક્રમે તા:૦૯/૧૧/૨૦૧૯ અને તા:૦૭/૦૧/૨૦૨૦ની દરખાસ્તોથી ઉક્ત વંચાણે લીધેલ ઠરાવથી મંજૂર કરેલ ૦૫ જગ્યાઓ ઉપર વધુ એક વર્ષ માટે આઉટસોર્સીંગથી કામગીરી લેવા તેમજ અન્ય ૦૫ જગ્યાઓ એમ કુલ ૧૦ જગ્યાઓ નિયમિત ભરતીથી ન ભરાય ત્યાં સુધી આઉટસોર્સીંગથી ભરવાની મંજૂરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

**ઠરાવ:-**

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરની દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની ૦૮(આઠ) જગ્યાઓ એક વર્ષ માટે કોષ્ઠક નીચે દર્શાવેલ શરતોને આધીન આઉટસોર્સીંગથી ભરવાની આથી મંજૂરી આપવામાં આવે છે:-

| ક્ર. | સંવર્ગ | આઉટસોર્સીંગથી મંજૂર જગ્યા | માસિક પગાર(રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | નાયબ મેનેજર વર્ગ-૩ | ૦૧ | ૧૭૫૦૦ |
| ૨ | મદદનીશ મેનેજર વર્ગ-૩ | ૦૧ | ૧૬૦૦૦ |
| ૩ | સીની.ક્લાર્ક વર્ગ-૩ | ૦૩ | ૧૪૦૦૦ |
| ૪ | જુની. કલાર્ક વર્ગ-૩ | ૦૩ | ૧૨૫૦૦ |
| | મંજૂર કુલ જગ્યા | ૦૮ | |

૧. ઉક્ત જગ્યાઓની મુદત પૂર્ણ થયેથી મંજૂરીની અપેક્ષાએ ચાલુ રાખી શકાશે નહી તેમજ નાણાં વિભાગની મંજૂરી વગર પગાર વધારો કરી શકાશે નહી.
૨. આઉટસોર્સીંગથી ભરવાની થતી જગ્યાઓ અંગે સરકારશ્રી દ્વારા લાગુ કરવામાં આવેલ તમામ જોગવાઇઓ તથા નિયમો ધ્યાને લેવાના રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા:૦૭/૦૩/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી-કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ- ૨૦૨૦.